ગાંધીનગર સહિત રાજ્યમાં ધામધૂમથી બેસતું વર્ષ અને ભાઈબીજ ઉજવાઈ

મંદિરોમાં દર્શન કરી લોકોએ એકબીજાને શુભેચ્છા પાઠવી

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર સહિત સહિત સમગ્ર રાજ્યમાં બેસતું વર્ષ અને ભાઈબીજની ધામધૂમથી નાગરિકોએ ઉજવણી કરી હતી. સવારે મંદિરમાં દર્શન કર્યા બાદ લોકો પોતાના સગાસંબંધીઓને નવા વર્ષની શુભેચ્છા પાઠવવા એકબીજાના ઘેર પહોંચી ગયા હતા. આ ઉપરાંત મિઠાઈઓ, ફરસાણ, ફટાકડા ફોડીને તહેવારોની ઉજવણી કરવામાં આવી હતી. શાહીબાગ બીએપીએસ સ્વામિનારાયણ મંદિરમાં પ્રમુખસ્વામી મહારાજની નિશ્રામાં ભવ્ય અન્નકૂટોત્સવ યોજાયો હતો. આ અન્નકૂટના ૫૬ ભોગમાં ભક્ષ્ય, લેહ્ય, ચેષ્ટ ચેવા ચાર પ્રકાર આવરી લઈને ૩૨ જાતના પકવાન અને ૨૪ જાતના શાકોનો સમાવેશ કરાયો હતો. જેમાંથી અન્ય વાનગી, વ્યંજનો બનાવી ધરાવવામાં આવી હતી. અક્ષર પુરુષોત્તમ સ્વામિનારાયણ મંદિરમાં યોજાયેલા ભવ્ય અન્નકૂટમાં ૧૨૫૧ વાનગીઓ ધરાવવામાં આવી હતી. નવું વર્ષ સુખદાયી નિવડે, તે માટે અન્નકૂટના દર્શન કરવા તેમ જ પ્રમુખ સ્વામી મહારાજના આશીર્વાદ પ્રાપ્ત કરવાના ઉત્સવમાં ૨૫ હજારથી અધિક જનમેદની ઉમટી હતી. તેમ જ ૭૦ હજારથી વધુ ભક્તોએ અન્નકૂટના દર્શન કર્યા હતા.

દિવાળીને કારણે શહેરની જાણે રોનક જ બદલાઈ ગઈ હતી. શહેરમાં હોટલો, મોલ્સ, મલ્ટિપ્લેક્સ સહિતની બિલ્ડીંગોને રોશની કરાઈ છે. જેના લીધે રાત્રિએ અદભૂત નજારો સર્જાયો અને તહેવારનો માહોલ જોવા મળી રહ્યો છે. ઠેર ઠેર લોકોએ માર્ગો પર આવીને ફટાકડા ફોડીને આનંદ માણ્યો હતો. નાના બાળકોથી માંડીને આબાલ વૃદ્ધો દિવાળીમાં મગ્ન બન્યાં હતાં. આકાશમાં જાણે રંગોની બોછાર ફેલાઈ હોય તેવું દ્રશ્ય મનમોહક બન્યું હતું.

મોદી થ્રી-ડી ઈમેજ સાથે જાહેર સભાઓ સંબોધશે

ચાર મહાનગરોમાં ૧૮મી નવેમ્બરે મુખ્યમંત્રી પ્રત્યક્ષ હોય તેવો લોકોને આભાસ થશે

ભારતમાં સૌ પ્રથમ ગુજરાતમાં ચૂંટણી પ્રચાર માટે અદ્યતન ટેકનોલોજીનો પ્રયોગ

ગાંધીનગર,તા.૧૬

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી થ્રી-ડી ટેકનોલોજીના સહયોગ સાથે ચાર મેટ્રોસિટીમાં જાહેર સભાઓને સંબોધન કરશે. ભારત ભરમાં ગુજરાત એવું રાજ્ય હશે કે જ્યાં આ ટેકનોલોજીનો ચૂંટણી પ્રચારના કાર્યમાં સૌ પ્રથમ ઉપયોગ થઈ રહ્યો છે.

૧૮મી નવેમ્બરે સાંજે ૬ કલાકે એકસાથે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી અમદાવાદ, રાજકોટ, સુરત અને વડોદરામાંથ્રી-ડી ઈફેક્ટ્સની મદદથી ઈમેજ ક્રિએટ કરીને જાહેર સભાઓને એક જગ્યાએથી સંબોધન કરશે. રાજ્ય વિધાનસભાની ચૂંટણીમાં આ પ્રથમ પ્રયોગ છે.

પાર્ટીના પ્રદેશ પ્રમુખ આર.સી.ફળદુ અને રાષ્ટ્રીય ભાજપના ઉપાધ્યક્ષ પુરુષોત્તમ રૂપાલાએ પત્રકારોને જણાવ્યું હતું કે એક જ દિવસે મોદીની જાહેરસભાનું લાઈવ ટેલિકાસ્ટ થશે. મંચ ઉપરથી મોદી લાઈવ પ્રચાર કરી રહ્યાં છે તેવી અનુભૂતિ લોકો કરી શકશે. ચૂંટણી પ્રચારમાં આ ટેકનોલોજીનો વિશ્વમાં પ્રથમ મોદી ઉપયોગ કરી રહ્યાં છે.

થ્રી-ડી ટેકનોલોજી એ વિડીયો કોન્ફરન્સિંગ થી અલગ ટેકનોલોજી છે, જેમાં વ્યક્તિ દૂર હોવા છતાં નજીક છે તેવો અહેસાસ થાય છે. આ સભા માણવા માટે ખાસ પ્રકારના ચશ્માની પણ આવશ્યકતા નથી.

ભાજપના આ બન્ને નેતાઓએ કહ્યું હતું કે ચાર શહેરો પછી ફેઝ વાઈઝ વિધાનસભાની બેઠક ઉપર આ પ્રયોગનો અમલ કરાશે. આ પહેલાં મોદીએ અમેરિકામાં વસતા ભારતીયો સાથે ગૂગલ હેન્ગઓવરથી ગાંધીનગર બેઠાં બેઠાં સંબોધન કર્યું હતું.

નૂતન વર્ષાભિનંદન

ખોડિયાર ડેરી
મધુર પાર્લર
ખોડિયાર પ્રોવિઝન સ્ટોર્સ

ચિલોડા વિસ્તારમાં મધુર ડેરીની દરેક આઈટમ તથા ઘરવપરાશની ચીજવસ્તુ (કરિયાણું) વગેરે વ્યાજબી ભાવે તથા ગુણવત્તાયુક્ત વસ્તુ મેળવવા માટેનું ઉત્તમ સ્થળ

પ્રો. શાહ રાકેશકુમાર જયંતિલાલ
મુ.પો. ચિલોડા મોટા-મેઈન બજાર, તા.જી. ગાંધીનગર

સમસ્ત હોટલ ઘુંઘટ પરિવાર તરફથી
નૂતન વર્ષાભિનંદન

- A/c કોન્ફરન્સ હોલ
- A/c & Non A/c રૂમો
- લગ્ન પ્રસંગ માટે રીસેપ્શન સ્ટેજ
- ભૂલકાઓ માટે રમત-ગમતના સાધનોવાળો સુંદર અને વિશાળ બગીચો

હોટલ ઘુંઘટ
ગાર્ડન રેસ્ટોરન્ટ એન્ડ ગેસ્ટ હાઉસ

પંજાબી, ચાઈનીઝ, કોન્ટીનેન્ટલ, સાઉથ ઇન્ડિયન તેમજ
ગુજરાતી થાળી

સે. ૨૬, જી.આઈ.ડી.સી. નજીક, ગાંધીનગર-માણસા રોડ,
ફોન નં. ૨૩૨૮૭૦૭૨, ૨૩૨૮૭૦૭૩, ૬૫૭૩૭૬૫૫

With Best Compliments from

KALPA-TARU®
POWER TRANSMISSION LIMITED

GLOBALLY LEADING EPC CONTRACTING COMPANY FOR EHV TRANSMISSION LINE, RURAL ELECTRIFICATION AND DISTRIBUTION PROJECTS, LAYING CROSS COUNTRY PIPE LINES.

Works & Regd. Office:
101, PART – III, G.I.D.C. ESTATE,
SECTOR – 28, GANDHINAGAR – 382028
GUJARAT, INDIA
Phone : (++91) – 79 – 23214000
Fax: (++91) – 79 – 23211971
E-Mail: mktg@kalpatarupower.com

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com